RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 42* Date: 08.12.2020 Tuesday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કોંગ્રેસ,સપા,બસપા સહિતની રાજકીય પાર્ટીઓ સહિત ૧૦ ટ્રેડ યુનિયનોનું ખેડૂતોના ભારત બંધને સમર્થન

# કૃષિ કાયદા પરત ખેંચો: ખેડૂતોનું આજે ભારત બંધ

### દેશના અનેક રાજ્યોમાં બંધના મિશ્ર પ્રતિભાવો જોવા મળે તેવી શકયતા, કોંગ્રેસ જિલ્લા મથકોએ દેખાવો કરશે

*ન્યુ દિલ્હી,તા.૭*

કૃષિ કાનૂન વિરૂદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતોએ આવતીકાલે આપેલા ભારત બંધને કોંગ્રેસ, ડીએમકે, આપ, બસપા અને ટીઆરએસ દ્વારા પણ સમર્થન આપવાનું એલાન કરવામાં આવ્યુ છે. અત્યાર સુધીમાં ૧૧થી વધુ વિપક્ષો અને ૧૦ ટ્રેડ યુનિયનોએ ભારત બંધનું સમર્થન કર્યુ છે.

ખેડૂતોના ભારત બંધને કોંગ્રેસે સંપૂર્ણ સમર્થનની ઘોષણા કરી છે. ખેડૂતોની માંગના સમર્થનમાં ૮ ડિસેમ્બરે કોંગ્રેસ તમામ રાજય મુખ્યાલય અને જિલ્લા કાર્યાલયો પર પ્રદર્શન કરશે. કોંગ્રેસ કૃષિ કાનૂનનો પ્રસ્તાવ લવાયો ત્યારથી જ તેનો વિરોધ કરી રહી છે. રાહુલ ગાંધીએ કાનૂન લાગૂ થયા બાદ પંજાબમાં ખેડૂતોની એક વિશાળ રેલીને સંબોધિત કરી હતી.

ખેડૂતોની માંગના સમર્થનમાં ખુલ્લીને સામે આવી રહેલ આમ આદમી પાર્ટી નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બંધને સમર્થન આપ્યું છે. આપ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય સિંહે કહ્યું કે પાર્ટીએ સંસદથી લઈ સડક સુધી તમામ નેતાઓ અને કાર્યકર્તાઓને ખેડૂતોનું સમર્થન કરવાની ઘોષણા કરી છે. ખેડૂતો દિલ્હી પહોંચવા પર જ્યારે દિલ્હી પોલીસે સ્ટેડિયમને જેલ બનાવવા



માટે મંજૂરી માંગી હતી તો દિલ્હી સરકારે તે ફગાવી દીધી હતી.

તેલંગાણાના મુખ્યમંત્રી અને તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નેતા કે ચંદ્રશેખર રાવે પણ ખેડૂતોના ભારત બંધને પોતાનું સમર્થન આપ્યું છે. કેસીઆરે પાર્ટી કાર્યકર્તાઓને ભારત બંધને સફળ બનાવવામાં સહયોગ કરવાની અપીલ કરી છે.

બંધનું સીપીએમ, સીપીઆઈ, સીપીઆઈ-એમએલ, રિવૉલ્યૂશનરી સોશિયાલિસ્ટ પાર્ટી અને ઑલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોક સહિત તમામ વામ દળોએ પોતાનું સમર્થન આપ્યું છે. વામદળો તરફથી જાહેર કરાયેલ સંયુક્ત નિવેદનમાં ખેડૂતોની માંગના સમર્થન અને આ કાનૂન પરત લેવા માટે ભારત બંધનું સમર્થન કરવાની વાત કહી છે. ખેડૂતોના ભારત બંધના આહ્વાનને તૃણમૂલ કોંગ્રેસે પણ સમર્થન આપ્યું છે.

રાજનૈતિક પાર્ટીઓની સાથે જ કેડૂતોના પ્રસ્તાવિત ભારત બંધના ટ્રેડ યૂનિયનોએ પણ પોતાનું સમર્થન આપ્યું છે. ઈન્ડિયન નેશનલ ટ્રેડ યૂનિયન કોંગ્રેસ, ઑલ ઈન્ડિયા ટ્રેડ યૂનિયન કોંગ્રેસ, હિંદ મજૂર સભા, સેંટર ફોર ઈન્ડિયન ટ્રેડ યૂનિયંસ, ઑલ ઈન્ડિયા ટ્રેડ ઈન્ડિયન સેંટર અને ટ્રેડ યૂનિયનને કો-ઓર્ડિનેશન સેંટરે બંધનુા સમર્થનની ઘોષણા કરી છે.

ભાજપના સહયોગી રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીએ પણ ભારતનું સમર્થન કર્યું છે. પાર્ટી નેતા અને સાંસદ હનુમાન બેનીવાલે કહ્યું કે પીએમ મોદીને કૃષિ કાનૂન પરત લેવું જોઈએ. એનડીએમાં રહેવું કે નહિ તેનો અમે ૮ ડિસેમ્બર બાદ ફેસલો લેશું.

ખેડૂતોએ પણ હવે સરકારને અલ્ટીમેટમ આપી દીધુ છે કે જ્યાં સુધી નવા ૩ કૃષિ કાયદા પાછા નહીં ખેંચાય ત્યાં સુધી તેમનું આંદોલન ખતમ નહીં થાય. કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતો દિલ્હીની સરહદો પર ડટેલા છે. દિલ્હીની સિંઘુ બોર્ડર પર રવિવારે ખેડૂત સંગઠનોની મહત્વની પ્રેસ કોન્ફરન્સ થઈ. જેમાં તેમણે આ સંદેશ આપ્યો. સંગઠનોએ ખેડૂતોને દિલ્હી કૂચ કરવાની અપીલ પણ કરી છે.

### DCGIની સમક્ષ અરજી કરનારી પહેલી સ્વદેશી કંપની બની

## સીરમ ઈન્સ્ટીટ્યુટે દેશમાં 'કોવિશીલ્ડ' વેક્સીનના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માગી

ન્યુ દિલ્હી,તા.૭

સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાએ રવિવારે ભારતમાં ઓક્સફર્ડની કોવિડ-૧૯ વેક્સીન 'કોવિશીલ્ડ'ના ઈમરજન્સી ઉપયોગની ઔપચારિક મંજૂરી પ્રાપ્ત કરવા માટે ડીસીજીઆઈ સમક્ષ અરજી કરી છે. આ સાથે જ તે આમ કરનારી પહેલી સ્વદેશી કંપની બની ગઈ છે. આ પહેલા અમેરિકાન કંપનીએ પીફાઈઝરની કોરોના વેક્સીનના ઈમરજન્સી ઉપયોગ માટે ભારત સરકારને અરજી કરી હતી.

આ ખબરને લઈને સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ અદાર પૂનાવાલાએ ટ્વીટ કરીને જાણકારી આપતા કહ્યું કે, જેવું કે પ્રોમીસ કર્યું હતું. ૨૦૨૦ના અંત પહેલા, સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાએ પહેલી મેડ-ઈન-ઈન્ડિયા વેક્સીન, 'કોવિશિલ્ડ'ના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માટે અરજી કરી છે. તેનાથી સૈંકડો જીવન બચશે, અને હું અમૂલ્ય સહયોગ માટે ભારત સરકાર અને શ્રી નરેન્દ્ર મોદીજીનો આભાર વ્યક્ત કરું છું.

દુનિયાની સૌથી મોટી વેક્સીન નિર્માતા સીરમ ઈન્સ્ટીટ્યૂટ અનુસાર એસ્ટ્રાજેનેકાની વેક્સીન કોવિશીલ્ડ માટે ૨-૮ ડિગ્રી તાપમાનની જરૂર હોય છે. સાથે જ ભારતમાં તેનું વિતરણ પણ સરળ છે.

આ વેક્સીનને મંજૂરી માટે ઈન્સ્ટીટ્યૂટે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા પાસે અરજી કરી છે. આ અરજીમાં વેક્સીનના ચાર ક્લિનિકલ અભ્યાસનો ઉલ્લેખ કરાયો છે. તેમાંથી બે બ્રિટન, એક બ્રાઝિલ અને એક ભારતમાં કરાયો છે. આ અભ્યાસ બાદ સકારાત્મક પરિણામ સામે આવ્યા છે જે મુજબ, કોવિશીલ્ડમાં કોરોના વાયરસના સંક્રમણથી બચાવવાની પૂરી ક્ષમતા છે. આ પહેલા શનિવારે પીફાઈઝરએ પણ ભારતમાં વેક્સીન માટે મંજૂરી માગી હતી. બ્રિટનમાં આ જ અઠવાડિયે વેક્સીન પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

સીરમે ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ સાથે મળીને કોવિશીલ્ડની ત્રીજા તબક્કાની ક્લીનીકલ ટ્રાયલ દેશભરમાં કરી હતી. આ વેક્સિને સિનિયર સિટિઝન્સમાં અને ખાસ તો કોવિડ ૧૯ના દર્દીઓમાં સારી અસર કરી હતી. અત્યાર સુધીમાં સીરમે કરેલી ચાર ટ્રાયલમાં બે બ્રિટનમાં અને એક એક ભારત તથા બ્રાઝિલમાં કરી હતી.

## દિલ્હીમાં પોલીસે એન્કાઉન્ટર બાદ ૫ સંદિગ્ધ આતંકીઓને ઝડપી પાડ્યા

ન્યુ દિલ્હી,તા.૭

દિલ્હી પોલીસે ૫ શંકાસ્પદ આતંકવાદીને ઝડપી લીધા છે, જેમાંથી ૨ પંજાબના અને ૩ કાશ્મીરના છે. શકરપુર વિસ્તારમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. આ પહેલાં એક્રાઉન્ટર પણ થયું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે, આ કોઈ આંતકી સંગઠન સાથે જોડાયેલા છે, પણ હાલ એની જાણ થઈ શકી નથી, પરંતુ આ ISIના નાર્કો ટેરરિઝમ નેટવર્ક સાથે જોડાયેલા છે. તેમનાં નામ શબ્બીર અહમ, અયુબ પઠાન, રિયાઝ રાઠર, ગુરજિત સિંહ અને સુખદીપ સિંહ છે, જેમાંથી એક પંજાબના શૌર્ય ચક્ર વિજેતા એક્ટિવિસ્ટ હલવિંદરની હત્યામાં પણ સામેલ હતો.

મળતી માહિતી પ્રમાણે, જમ્મુ-કાશ્મીરના નંબરવાળી સફેદ રંગની ગાડીમાં સવાર શંકાસ્પદોને પોલીસે અટકાવવાનો પ્રયાસ કર્યો તો તેમણે ફાયરિંગ શરૂ કરી દીધું. જે ગાડીમાં આ શંકાસ્પદ સવાર હતા એનો નંબર જેકે ૦૪બી ૮૧૭૩ છે. પોલીસે જણાવ્યું હતું કે, ઝડપાયેલા એક શંકાસ્પદનો હાથ પંજાબમાં શૌર્ય ચક્ર વિજેતા એક્ટિવિસ્ટ બલવિંદર સિંહની હત્યામાં હોવાની શંકા છે.

આતંકીઓએ ૧૭ ઓક્ટોબરે એક્ટિવિસ્ટ બલવિંદરની હત્યા કરી નાખી હતી. બલવિંદર સિંહે પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદના સમયમાં બહાદુરીથી આતંકીઓનો મુકાબલો કર્યો હતો. તેમની પર ૪૨ વખત હુમલા થયા હતા. એને કારણે તેમના પરિવાર સહિતને શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શકરપુર પૂર્વ દિલ્હીનો વિસ્તાર છે. આ લક્ષ્મીનગર અને મયૂર વિહાર વચ્ચે આવે છે. શકરપુરમાં કરવામાં આવેલી કાર્યવાહી સાથે જ પોલીસે આખાય શહેરમાં સુરક્ષા વધારી દીધી છે. આ પહેલાં નવેમ્બરમાં પણ દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે જૈશ-એ-મોહમ્મદના ૨ શંકાસ્પદ આતંકીને સરાય કાલે ખાંની પાસેથી ઝડપ્યા હતા.

### વડાપ્રધાને આગ્રા મેટ્રો પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું

## કોરોના વેક્સીન ટૂંક સમયમાં આવી જશે, પરંતુ સાવધાની હજુ પણ જરૂરી: મોદી

*ન્યુ દિલ્હી,તા.૭*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ઉત્તર પ્રદેશના આગ્રામાં મેટ્રો માટે નિર્માણ કાર્યનો શુભારંભ કરાવ્યો. વડાપ્રધાને વર્ચ્યૂલ માધ્યમથી મેટ્રો રેલ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે ઉત્તર પ્રદેશની રાજયપાલ આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તથા કેન્દ્રીય આવાસ અને શહેરી કાર્ય રાજયમંત્રી હરદીપ સિંહ સહિત કેન્દ્ર તથા રાજ્ય સરકારના મંત્રી અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.

વડાપ્રધાને આ દરમિયાન કરેલા સંબોધનમાં લોકોને અપીલ કરી છે કે તમામ કોરોના સંક્રમણની ગંભીરતાને સમજીને કોઈ ગફલત ન કરે અને તકેદારી રાખે. વડાપ્રધાને આ કાર્યક્રમના માધ્યમથી દેશને વેક્સીન અંગે પણ જાણકારી આપી. કંપની કોરોના વેક્સીનને લઈ વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોરોનાની વેક્સીનની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. તેમાં વધુ વિલંબ થાય એવું લાગતું નથી. સંક્રમણથી સાવધાનીમાં કોઈ કચાસ ન રાખવો જોઈએ. માસ્ક અને બે ગજનું અંતર ખૂબ જરુરી છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, આજે શહેરી ગરીબોને પણ મફત સારવાર મળી રહી છે અને મધ્યમ વર્ગને સસ્તી દવાઓ મળી રહી છે. સસ્તી સર્જરી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. સરકારના પ્રયાસોથી વીજળીથી લઈને મોબાઈલ ફોન સુધી તેના પર ખર્ચ ઘણો ઘટ્યો છે.

આજે લારી-ગલ્લા ચલાવનારા લોકોથી માંડીને ગરીબ અને મધ્યમવર્ગના કલ્યાણ માટેની યોજનાઓ ખરેખર અમલમાં મુકી શકાઈ છે અને આ જ તો સબ કા સાથ ..સબ કા વિશ્વાસની વ્યાખ્યા છે.છેલ્લા કેટલાક સમયથી જે સુધારા થઈ રહ્યા છે તેનાથી દેશમાં નવો આત્મ વિશ્વાસ આવ્યો છે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, જો તમે ધ્યાનથી જોશો તો તમને પણ સરકાર જે કામ કરી રહી છે તેનાથી સંતોષ થશે.તમારી અંદર પણ નવો વિશ્વાસ આવશે અને દરેક ચૂંટણીમાં લોકોનો વિશ્વાસ જોવા પણ મળી રહ્યો છે.બે દિવસ પહેલા જ હૈદ્રાબાદના ગરીબ અને મધ્યમવર્ગના લોકોએ સરકારના પ્રયાસોને આશીર્વાદ આપ્યા છે.તમારો સાથ અને સમર્થનના કારણે મને નવા નવા વિચારોને અમલમાં મુકવાની હિંમત મળી રહી છે.

### ડીઝલ રૂપિયા ૩.૪૧ અને પેટ્રોલ આશરે રૂપિયા ૨.૫૫ મોંઘું થયું

## છેલ્લા ૧૮ દિવસમાં ૧૫ વખત પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા

*ન્યુ દિલ્હી,તા.૭*

જાહેર ક્ષેત્રની ઓઈલ કંપનીઓએ છેલ્લા ૧૮ દિવસમાં, એટલે કે ૨૦ નવેમ્બરથી ૭ ડિસેમ્બર સુધીમાં ૧૫ વખત પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. ૧૫ વખત કરવામાં આવેલા આ ભાવવધારાને લીધે ડીઝલ રૂપિયા ૩.૪૧ અને પેટ્રોલ આશરે રૂપિયા ૨.૫૫ સુધી મોંઘાં થયાં છે. ડિસેમ્બર મહિનામાં અત્યારસુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુક્રમે ૬ વખત વધારો થયો છે. એને પગલે ડિસેમ્બર મહિનામાં પેટ્રોલ રૂપિયા ૧.૩૭ અને ડીઝલ રૂપિયા ૧.૪૫ મોંઘાં થયાં છે. ગુજરાતની વાત કરીએ તો છેલ્લા ૧૪ દિવસમાં પેટ્રોલનો ભાવ લિટરદીઠ રૂપિયા




૩.૬૦ વધી રૂપિયા ૮૧.૧૬ અને ડીઝલનો ભાવ લિટરદીઠ રૂપિયા ૨.૭૧ વધી રૂપિયા ૭૯.૬૦ થયો છે. દિલ્હીમાં ૮ વર્ષ અગાઉ એટલે કે જૂન ૨૦૧૨માં લિટરદીઠ પેટ્રોલનો ભાવ રૂપિયા ૭૧ અને ડીઝલનો ભાવ રૂપિયા ૪૧ હતો, એટલે કે પેટ્રોલની તુલનામાં ડીઝલ રૂપિયા ૩૦ સસ્તું હતું, જયારે મુંબઈમાં જૂન,૨૦૧૨માં આ તફાવત રૂપિયા ૩૨ હતો. એ સમયે પેટ્રોલ રૂપિયા ૭૬ અને ડીઝલ લિટરદીઠ

રૂપિયા ૪૫ હતો. જોકે હવે ડીઝલ અને પેટ્રોલની કિંમત વચ્ચેનું અંતર રૂપિયા ૧૦ પણ રહ્યું નથી. અત્યારે દિલ્હીમાં પેટ્રોલ રૂપિયા ૮૩.૭૧ પ્રતિ લિટર ભાવથી વેચાય છે, જ્યારે મુંબઈમાં અત્યારે પેટ્રોલ અને ડીઝલ અનુક્રમે રૂપિયા ૯૦.૩૪ અને રૂપિયા ૮૦.૫૧ પ્રતિ લિટરની કિંમતથી વેચાય છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૧૩૮૦
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૨૨૦૧૬૮
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૧૪
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૫૬૮
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૦૧૬૮૦

## કોરોના મામલે ભારતને મોટી સફળતા મળી, રિકવરી રેટ ૯૪.૪૫% પર પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૭

વિશ્વભરમાં કોરોનાના પ્રકોપ વચ્ચે ભારત આ મહામારી સામેનો જંગ જીતો રહ્યું છે. અત્યાર સુધી દેશમાં ૯૬ લાખથી વધુ કેસોમાંથી ૯૧ લાખથી વધુ દર્દી સાજા થઇ ગયા છે. જ્યારે વિશ્વમાં કોરોનાના કેસો વધીને ૬.૭૩ કરોડ થઇ ગયા છે અને મૃત્યુઆંક ૧૫ લાખથી વધુ છે. જ્યારે ૪.૬૫ કરોડ લોકો રિકવર પણ થયા છે જે સારી વાત છે.

વિશ્વમાં કોરોના પ્રભાવિત દેશોમાં અમેરિકા ૧.૫૧ કરોડ સંક્રમિતો સાથે પ્રથમ ક્રમે છે. અહીં ૨.૮૮ લોકોના કોરોનાથી મોત થઇ ગયા છે.

કોરોનાના કેસોના મામલે ભારત વિશ્વમાં બીજા સ્થાને છે. દેશમાં કોરોના કેસ વધીને ૯૬.૭૭ લાખ થયા છે. અલબત્ત ૯૧.૩૯ લાખ દર્દી સાજા થઇ ગયા છે. અત્યારે દેશમાં માત્ર ૪ લાખથી ઓછા કોરોના દર્દીઓની સારવાર ચાલી રહી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય મુજબ એક દિવસમાં ૩૨,૯૮૧ કેસ મળ્યા. તેની સાથે કેસોની સંખ્યા ૯૬,૭૭,૨૦૩ ગયા છે. જ્યારે એક દિવસમાં દેશમાં ૩૯૧ લોકોનાં મોત નીપજ્યાં. તેથી સાથે કોરોના મૃત્યુઆંક ૧,૪૦,૫૭૩ થયો છે. આંકડા મુજબ હાલમાં ૩,૯૬,૭૨૯ દર્દીની સારવાર ચાલી રહી છે. જે આંકડો ૪.૧૦ ટકા છે. આંકડા મુજબ ૯૧,૩૯,૯૦૧ લોકો સાજા થવાની સાથે દેશમાં રિકવરી રેટ ૯૪.૪૫ ટકા છે. જ્યારે કોવિડ-૧૯નો મૃત્યુદર દેશમાં ૧.૪૫ ટકા છે. ભારતમાં ૭ ઓગસ્ટે સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખને પાર પહોંચી ગઇ હતી.

જ્યારે દેશમાં ૧૬ સપ્ટેમ્બરે કોરોનાના કુલ કેસ ૫૦ લાખને પાર થઇ ગયા હતા. ૨૮ સપ્ટેમ્બરે ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરે ૯૦ લાખથી વધુ કોરોના કેસ થયા હતા. હવે આવતા સપ્તાહે આ આંકડો એક કરોડને પાર પહોંચવાની સંભાવના છે. કોરોનાગ્રસ્ત દેશોમાં બ્રાઝીલ, રશિયા, ફ્રાન્સ ઈટાલી અનુક્રમે ત્રીજા, ચોથા અને પાંચમા અને છઠ્ઠા ક્રમે છે.

## તંત્રી સ્થાનેથી...

### અન્ના હજારે આંદોલન સમયની સરકારે કરેલી ભૂલો હાલની કેન્દ્ર સરકાર દોહરાવી રહી છે કે શું......?

દેશભરમા નવા કૃષિ કાયદા વિરૂધ્ધના ખેડૂત આંદોલને આમ પ્રજાને જાગૃત કરી દીધી છે. તો તેના પડઘા પણ વિશ્વસ્તરે પડ્યા છે... જે કારણે ભારતમાં રોકાણ કરવા આવનારા વિદેશી રોકાણકારો પર મોટી અસર થઈ શકે છે.....! આ અગાઉ વિશ્વપ્રસિદ્ધ મેગેઝિને ભારતને નુકસાન કરતાં સમાચાર પ્રસિદ્ધ કર્યા હતા કે ભારત ભ્રષ્ટાચારી દેશોમાંનો અગ્રક્રમે છે,ભારતમાં લોકશાહી ખતમ થવા તરફ, ભારતમાં એક પક્ષીય સરકાર બનાવવા તરફ અને હવે ખેડૂત આંદોલનના પડઘા પડતા વિદેશી રોકાણકારો ભારતમાં આવતા અટકી જાય તેવી પરિસ્થિતિ બનવા પામી છે.... તો વડાપ્રધાન મોદી વિદેશી રોકાણકારો ભારતમાં આવે તે માટે અથાક પ્રયત્નો કરી રહ્યા છે કે જેના કારણે દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ચડીને દોડતી થઈ જાય. ભારત એક ખેતીપ્રધાન દેશ છે જે બાબત એસી માં બેસતા અને આમ પ્રજા વચ્ચે ન આવતા સલાહકારો સમજી શક્યા નથી....!કે પછી.... પરિણામે દેશમાં નવા કૃષિ કાયદા બની ગયા..... સલાહકારોએ જો કૃષિ બિલ રજૂ કરતા પહેલા અભ્યાસ કર્યા બાદ કેન્દ્ર સરકારને સાચી અને યોગ્ય સલાહ આપી હોત તો આજે દેશભરમાં જે રીતે કૃષિ કાનુન વિરૂધ્ધ ખેડૂત આદોલન એ મુખ્ય મુદ્દો અને મુખ્ય સમાચાર બની ગયા છે તે ન બન્યા હોત.....! કોઈપણ શાસન કરતાઓએ પ્રજાને નાડ પારખીને જે તે નિર્ણય કરવાના હોય છે, ગમે તેવા નિર્ણયો અને તે પણ વિચાર્યા વિનાના હોય અને પ્રજા પર થોપી દેવામાં આવે તો તેના પરિણામો વિપરિત આવતા હોય છે. તેમ લોકશાહી વિચારકોનું કહેવુ છે. લોકશાહી એટલે લોકો થકી, લોકો માટે લોકો વડે ચાલતી સરકાર છે. પરંતુ કેન્દ્ર સરકારને એવા સલાહ મળ્યા છે કે જે અમેરિકાની ખાનગીકરણની નીતિમાં માનનારા હોય તેવું આ પ્રજા અનુભવી રહી છે.....!

કેન્દ્ર સરકારે એક પછી એક એવા નિર્ણયો લીધા કે આમ પ્રજાની મુસીબતોમાં વધારો કરતા રહ્યા છે અને અન્ય લીધેલા નિર્ણયોને કારણે દેશનું અર્થતંત્ર હાલકડોલક થઈ ગયું છે....! અનેક નાના-મોટા ઉધોગો ડચકા ખાઇ રહ્યા છે કે બંધ થઈ ગયા છે પરિણામે કરોડો લોકોએ રોજગારી ગુમાવી છે, નવી નોકરીઓ મળવી મુશ્કેલ બની ગઈ છે, માર્કેટોએ ચમક ગુમાવી દીધી છે, મોંઘવારી આસમાને પહોંચી ગઈ છે....તેના પરિણામો કેવા આવશે તે તો સમય બતાવી શકે....! તેમ જાગૃત લોકો, અભ્યાસુઓ અને રાજકિય ક્ષેત્રના પંડિતોનુ કહેવું છે. નવા કૃષિ કાયદાના એક જ નિર્ણયને કારણે ખેડૂતોના આંદોલને દેશભરમાં મોટી અસર કરીએ છે....! વિવિધ રાજ્યોમાંથી દિલ્હી પહોચેલ વિશાળ ખેડૂત કુચને અટકાવવા અનેક આકરા પ્રયાસો કર્યા.....! છતાં ખેડૂતો દિલ્હી બોર્ડર પર પહોંચી ગયા. ભારે હોહા મચી ગઈ તેના પડઘા વિશ્વસ્તરે કેટલાક દેશોમાં પડ્યા. સરકારે પોતાની વાત પડતી મૂકીને આગેવાનો સાથે બેઠકનો દોર શરૂ કર્યો તેમાં કૃષિ મંત્રીની ખાનગી મંડળીઓ આવશે અને એમએસપી માં કોઇ ફેરફાર નહીં થાય તેવી વાતથી ખેડુતો ભડકી ગયા અને સિન્ધુ ખાતે મળેલી ખેડૂતોની મહા સંગઠન બેઠકમા નિર્ણય કરી લેવાયો કે જ્યાં સુધી નવો કૃષિ કાનુન પરત ન ખેચાય ત્યાં સુધી કોઈ વાત નહીં... અને ૮ મી ડિસેમ્બરે બંધનું એલાન જાહેર કરી દેવામાં આવ્યું. જેમિ સૌથી મોટા ટ્રાન્સપોર્ટ એસો.એ ખેડૂત આંદોલનને સમર્થન આપવા હડતાલનું એલાન આપી દીધું, ત્યારબાદ ૧૦ જેટલા મજૂર યુનિયનોએ આને વિરોધ પક્ષોએ ખેડૂત આદોલનને ટેકો આપી તરફેણ કરી છે. હવે ૮ ડિસેમ્બરે શું થશે તેની ચિંતા સહુ કોઈને છે....! કદાચ સરકાર કદાચ કૃષિ કાનુન સુધારા જાહેર કરી શકે......! બાકી અન્ના હજારેના આંદોલનમાં ડો.મનમોહનસિહની સરકારે જે ભૂલો કરી હતી તેવી ભૂલો અત્યારે કેન્દ્ર સરકાર દોહરાવી રહી હોવાનું અનેક રાજકીય પંડિતોની ચર્ચામાંથી બહાર આવી રહ્યું છે.....!

# સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં નરમાઈ સાથે થયો

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૯૨,૮૬૪ સોદામાં રૂ.૧૦,૭૦૮.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં નરમાઈ સાથે થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન અને મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક ઘટાડો થયો હતો, જ્યારે સીપીઓમાં સુધારાનો સંચાર થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૧૧૪૦ સોદાઓમાં રૂ.૫૬૮૭.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૨૩૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૩૪૨ અને નીચામાં રૂ.૪૮૮૭૪ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૩ ઘટીને રૂ.૪૯૦૮૯ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૦ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૩૩૭ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૧૨ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭ ઘટીને બંધમાં રૂ.૪૯૦૭૫ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૩૬૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૯૩૩ અને નીચામાં રૂ.૬૨૩૮૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૬૭ ઘટીને રૂ.૬૨૯૪૬ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૮૬૬ ઘટીને રૂ.૬૨૯૨૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૮૫૪ ઘટીને રૂ.૬૨૯૨૩ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૯૯૦૨ સોદાઓમાં રૂ.૧૯૫૩.૯૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૩૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૦૭ અને નીચામાં રૂ.૩૩૫૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩ ઘટીને રૂ.૩૩૯૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૨૮૯ સોદાઓમાં કુલ રૂ.૨૭૬.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૧૯૮૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૮૯૦ અને નીચામાં રૂ.૧૯૬૩૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૦ ઘટીને રૂ.૧૯૭૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૮૯૩.૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૪.૧ વધીને બંધમાં રૂ.૮૯૮.૪ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૫૦.૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૨.૯ અને નીચામાં રૂ.૯૪૬.૨ રહી, અંતે રૂ.૯૪૮.૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૭૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૭૪ અને નીચામાં રૂ.૧૧૬૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭.૫૦ ઘટીને રૂ.૧૧૬૨.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૫૩૧૦ સોદાઓમાં કુલ રૂ.૨૩૪૮.૨૨ કરોડ ની કીમતનાં ૪૭૭૬.૫૩૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૫૮૩૦ સોદાઓમાં કુલ રૂ.૩૩૩૮.૭૯ કરોડ ની કીમતનાં ૫૨૮.૬૪૯ ટન, ક્રૂડ તેલમાં ૪૮૬૧ સોદાઓમાં રૂ.૩૦૭.૦૩ કરોડનાં ૯૦૭૧૦૦ બેરલ્સ, કોટનમાં ૪૩૫ સોદાઓમાં રૂ.૨૯.૭૪ કરોડનાં ૧૫૦૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૮૦૧ સોદાઓમાં રૂ.૨૪૨.૨૯ કરોડનાં ૨૬૮૮૦ ટન, મેન્થા તેલમાં ૨૬ સોદાઓમાં રૂ.૩.૫૯ કરોડનાં ૩૭.૮ ટન, કપાસમાં ૨૭ સોદાઓમાં રૂ.૬૨.૯૦ લાખનાં ૧૦૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૩૮૭.૮૨૨ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૫૭.૨૯ ટન, ક્રૂડ તેલમાં ૧૭૦૩ બેરલ્સ, કોટનમાં ૬૬૯૫૦ ગાંસડી, સીપીઓમાં ૮૫૧૦૦ ટન, મેન્થા તેલમાં ૧૨૮.૫૨ ટન અને કપાસમાં ૫૪૪ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૮૬.૫ અને નીચામાં રૂ.૬૭૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૮૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૭.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૬૯ અને નીચામાં રૂ.૯૧૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૮૩ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૩૦૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૩૦ અને નીચામાં રૂ.૨૭૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૭૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૯૪૫.૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૧૦ અને નીચામાં રૂ.૧૯૪૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦૮૮.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૧૬.૮ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૬.૮ અને નીચામાં રૂ.૮૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૨.૬ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૧૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫.૬ અને નીચામાં રૂ.૧૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૭.૯ બંધ રહ્યો હતો.

# સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં નિર્માણ પર રોક, શિલાન્યાસને સુપ્રિમ કોર્ટની મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટે સોમવારે નવા સંસદ ભવનના નિર્માણ માટેના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંગે સખત વલણ અપનાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ પોતાનો ચુકાદો નહીં આપે ત્યાં સુધી કોઈ બાંધકામ કે તોડફોડ થવી જોઈએ નહીં. કોર્ટે સોલિસિટર જનરલને પૂછ્યું કે તમે પ્રેસ રિલીઝ આપીને નિર્માણ તારીખ નક્કી કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેના પર આગળ કોઈ કામ ન થવું જોઈએ. અમને શિલાન્યાસ – ફાઉન્ડેશનમાં કોઈ સમસ્યા નથી, પરંતુ આગળ કોઈ બાંધકામ થવું જોઈએ નહીં.



સુપ્રિમ કોર્ટની સખ્તાઈ સામે કેન્દ્ર સરકાર ઝૂકી ગઈ છે. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં કોઈ બાંધકામ કરવામાં આવશે નહીં. કેન્દ્રએ કોર્ટમાં કહ્યું હતું કે માત્ર શિલાન્યાસ કરવામાં આવશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, નિર્માણ, તોડફોડ કે વૃક્ષો કાપીશું નહીં. શરૂઆતમાં કોર્ટે કહ્યું હતું કે અમે સ્ટે નથી આપી રહ્યા, પરંતુ તમે જે પણ કરો તે અમારા આદેશોને આધિન રહેશે. એ સારું રહેશે કે તમે આ મુદ્દા પર ધ્યાન રાખશો. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે કેન્દ્ર કાગળની કાર્યવાહી સાથે આગળ વધી શકે છે, પરંતુ એક વખત માળખું ઊભું થઈ ગયું તો જૂની પરિસ્થિતિને પુનર્સ્થાપિત કરવી મુશ્કેલ થઈ જશે.

૨૦ હજાર કરોડના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ કેસની સુપ્રીમ કોર્ટમાં સોમવારે સુનાવણી થઈ. સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું કે અમે આ બાબતને સૂચિબદ્ધ કર્યું છે કારણ કે, કેટલુંક ડેવલપમેન્ટ જાહેર ક્ષેત્રમાં આવે છે. એ સાચું છે કે પ્રોજેક્ટ પર કોઈ રોક નથી. એનો મતલબ એવો નથી કે તમે દરેક વસ્તુ સાથે આગળ વધી શકો છે. કોર્ટે સોલિસિટર જનરલને કહ્યું, “અમે અપેક્ષા રાખતા હતા કે તમે કાગળની કાર્યવાહી વગેરે સાથે આગળ વધશો પરંતુ એટલા આક્રમક રીતે આગળ વધશો કે તમે બાંધકામ શરૂ કરી દો. કોઈ સ્ટે નથી એનો અર્થ એનથી કે તમે બાંધકામ ચાલુ કરી શકો છો. અમે કોઈ સ્પષ્ટ નિયંત્રણોનો ઓર્ડર પસાર કર્યો નથી કારણ કે અમને લાગ્યું છે કે તમે વિવેકબુદ્ધિવાળા છો અને તમે કોર્ટ પ્રત્યે ઉદાસીનતા બતાવશો નહીં.

સુપ્રીમ કોર્ટે સોલિસિટર જનરલને પોતાની વાત રજૂ કરવા ૫ મિનિટનો સમય આપ્યો હતો. કોર્ટે કહ્યું કે પાંચ મિનિટમાં જવાબ આપો અથવા અમે આદેશ આપીશું. આ પછી સોલિસિટર જનરલે કહ્યું કે માત્ર શિલાન્યાસ કરવામાં આવશે. કોઈ પણ પ્રકારનું નિર્માણ કે તોડફોડ કરવામાં આવશે નહીં. વૃક્ષો કાપશે નહીં. ૧૦ ડિસેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીના વરદ હસ્તે નવા સંસદ ભવનનો શિલાન્યાસ કરવામાં આવનાર છે. ૫ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે ૨૦ હજાર કરોડ રૂપિયાના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પૈસાનો બગાડ નથી, પરંતુ તેનાથી પૈસાની બચત થશે. આ પ્રોજેક્ટથી વાર્ષિક આશરે એક હજાર કરોડ રૂપિયાની બચત થશે, જે હાલમાં દસ બિલ્ડિંગોમાં ચાલતા મંત્રાલયોના ભાડા પાછળ ખર્ચવામાં આવે છે. ઉપરાંત, આ પ્રોજેક્ટ સાથે મંત્રાલયો વચ્ચે સંકલન પણ સુધરશે.

# માનવ મિશનમાં એક વર્ષનો વિલંબ થશેઃ કે.સીવન

*બેંગ્લુરુ,તા.૭*

કોરોના મહામારીની અસર ભારતના સૌ પ્રથમ માનવ મિશન ગગનયાન પર પણ થઈ છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના વડા ડો.કે.સિવને સોમવારે કહ્યું હતું કે હવે માનવ મિશનના લોંચિંગમાં નિયત સમય કરતા એક વર્ષનો વિલંબ થશે. ગગનયાન મિશનનું લોંચિંગ હવે આગામી વર્ષના અંત ભાગ સુધીમાં અથવા તેના એક વર્ષ બાદ થવાની શક્યતા છે. જોકે, આ અગાઉ બે માનવ રહિત સ્પેસક્રાફ્ટ મોકલવામાં આવશે.

ISOએ ૧લી ડિસેમ્બર,૨૦૨૧ સુધીમાં ગગનયાન મિશન મોકલવાની વાત કહી હતી. ત્યારે માનવ રહિત મિશન માટે ડિસેમ્બર ૨૦૨૦ અને જુલાઈ ૨૦૨૧નો સમય નક્કી કર્યો હતો. જોકે, હવે આ બન્ને મિશનના લોંચિંગમાં વિલંબ થઈ શકે છે.

સિવને કહ્યું કે ISROએ ચંદ્રયાન-૩ મિશન પર પણ કામ શરૂ કરી દીધુ છે. તે માટે લેન્ડર અને રોવર તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. જોકે, હજુ આ મિશનની લોંચિંગ તારીખ નક્કી કરવામાં આવી નથી. શુક્ર ગ્રહ પર મોકલવામાં આવનારા શુક્રયાન મિશનની તૈયારી ચાલી રહી છે, જોકે તે માટે ઉપયોગમાં લેવામાં આવતા પેલોડ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. મિશન અંતર્ગત અંતરિક્ષ સાથે જોડાયેલા ૨૦ એક્સપેરિમેન્ટની યોજના છે.

# કોરોનાની મહામારી પણ ભ્રષ્ટાચારનુ સાધન, કેન્દ્ર સરકારને ૪૦૦૦૦ ફરિયાદો મળી

*ન્યુ દિલ્હી,તા.૭*

ભારતમાં ભ્રષ્ટાચારના મૂળિયા સરકારી સિસ્ટમમાં એટલે ઉંડે સુધી ઘુસી ગયા છે કે, તેને દૂર કરવાનુ કામ અઘરુ થઈ પડ્યુ છે.

ભારતના ભ્રષ્ટાચારી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ લોકોના જીવ લેનાર કોરોના મહામારીને પણ ભ્રષ્ટાચાર કરવાનુ સાધન બનાવી દીધુ છે. એક અખબારના અહેવાલ પ્રમાણે એપ્રિલ મહિનામાં સરકારે કોરોના માટેનુ એક અલગ વોર્ટલ બનાવ્યુ હતુ.આ પોર્ટલમાં કોરોના સાથેના ભ્રષ્ટાચારને જોડાયેલી ૪૦૦૦૦ જેટલી ફરિયાદો વડાપ્રધાન કાર્યાલયને મળી છે.

આ પોર્ટલ પર કુલ મળીને ૧.૬૭ લાખ જેટલી ફરિયાદ થઈ હતી.જેમાં થી સરકારે ૧.૫૦ લાખ જેટલી ફરિયાદોને હાથ પર લીધી હતી.મોટાભાગની ફરિયાદો લાંચ, સરકારી અધિકારીઓ દ્વારા થતા ગોટાળા અને શોષણની હતી.અધિકારીએ કહ્યુ હતુ કે, જેમાં ૪૦૦૦૦ જેટલી ફરિયાદો તો કોરોના સાથે જોડાયેલી હતી.અધિકારીએ કહ્યુ હતુ કે, પીએમ ઓફિસ તરફથી પણ આ અંગેનો ડેટા માંગવામાં આવ્યો હતો અને પીએમ મોદીએ પોતે ફરિયાદ કરનાર વ્યક્તિઓ, તેને હલ કરવા માટેની પ્રક્રિયા અંગે જામકારી માંગી હતી.

# મોહસિનની હત્યામાં ઉપયોગમાં લેવામાં આવેલું હથિયાર સેટેલાઈટથી કન્ટ્રોલ થતુ હતુંઃ ઈરાન

*તહેરાન,તા.૭*

ઈરાનના પરમાણુ કાર્યક્રમના જનક પૈકીના એક મોહસિન ફકરીઝાદેહની હત્યાને લઈને ઈસ્લામિક રેવેલોશન ગાર્ડ કોર્પ્સના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ રમજાન શરીફે સનસનાટીભર્યા દાવો કર્યો છે.

રમજાન શરીફે આરોપ લગાવ્યો કે મોહસિનની હત્યા જે હથિયાર વડે કરવામાં આવી હતી તેનું સંચાલન સેટેલાઈટથી કરવમાં આવી રહ્યું હતું. મોહસીન ઈરાનમાં પરમાણુ કાર્યક્રમ પાછળ મોટું માથુ માનવામાં આવી રહ્યું હતું.

તેહરાને ફખરીજાદેહની હત્યાનો આરોપ ઈઝરાયેલ પર લગાવ્યો હતો. તેમની હત્યાને અંજામ ઈઝરાઈલની જાસુસી સંસ્થા મોસાદે આપ્યો હતો. ત્યાર બાદ તેહરાને ખુલ્લેઆમ ઈઝરાયેલને બદલાની ચેતવણી આપી હતી. કેટલાક ઈરાની અધિકારીઓએ તો મોહસિન ફકરીઝાદેહની હત્યામાં અમેરિકા અને સાઉદી અરેબિયાની સંડોવણી હોવાનું કહીં રહ્યાં છે.

૧૯૭૯માં ઈરાન ક્રાંતિ બાદથી ઈઝરાયેલને ખત્મ કરવાની માંગ ઉઠતી રહે છે. ઈરાને તો ઈઝરાયેલના અસ્તિત્વ સામે જ વિરોધ છે. ઈરાનના કટ્ટર ધાર્મિક નેતાઓનું કહેવું છે કે ઈઝરાયેલે અયોગ્ય રીતેથી મુસ્લિમ જમીન પર કબ્જો કર્યો છે. તેના કારણે ઈઝરાયેલ પણ ઈરાનને પોતાના માટે સમસ્યા માને છે. ઈઝરાયેલ હંમેશાથી ઈરાનને પરમાણુ શસ્ત્રાથી સજ્જ થવાથી વિરોધ કરતું આવ્યું છે.

# શામળાજીઃ ધુળેટા ગામે બર્થડે પાર્ટીમાં ગીતો વગાડવા મામલે યુવકની હત્યા કરનાર ત્રણ હત્યારાઓને ગણતરીના કલાકોમાં દબોચતી પોલીસ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

ભિલોડાના ધુલેટા(પાલ્લા) ગામના કમલેશ ભાઈ નિનામાના પુત્ર દિવ્યેશનો જન્મ દિવસ હોવાથી બર્થડે પાર્ટી રાખી હતી જેમાં તેમનો મિત્ર કલ્પેશ કાંતિભાઈ ડામોર પણ સામેલ થયો હતો જન્મદિવસની ઉજવણીમાં ડી જે વગાડવા અંગે પાડોશીઓ સાથે કલ્પેશ ડામોરને ઝગડો થતા તેની અદાવત રાખી સગીર પુત્ર-પિતા સહીત એક શખ્શે લાકડીઓ વડે હુમલો કરી ગડદા પાટુનો માર મારી મોતને ઘાટ ઉતારતા યુવકની હત્યાંના પગલે ભારે ચકચાર મચી હતી શામળાજી પોલીસે સગીર પુત્ર તેના પિતા અને અન્ય એક શખ્શ સામે હત્યાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી પોલીસે અલગ અલગ ટિમો બનાવી ત્રણે હત્યારાઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ હત્યાના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો શામળાજી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા ધુળેટા (પાલ્લા) ગામે ત્રણ શખ્સોએ યુવકની હત્યા કરતા ડીવાયએસપી ભરત બસીયા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હત્યારાઓને ઝડપી પાડવા શામળાજી પોલીસ સ્ટેશનની વિવિધ ટિમો બનાવી અલગ અલગ સ્થળે રેડ કરી કલ્પેશ ડામોરની હત્યા કરનાર સગીર તેના પિતા શીવારજ બદાભાઈ નિનામા અને રાજુભાઈ નાનજીભાઈ નિનામાને ગણતરીના કલાકોમાં દબોચી લઇ ત્રણે હત્યારાઓના સરકારી ગાઈડ લાઈન અનુસાર કોરોના ટેસ્ટ કરાવવા તજવીજ હાથધરી હતી ધુળેટા ગામે જન્મ દિવસની ઉજવણીમાં ડીજે વગાડવા જેવી સામાન્ય બાબતમાં હત્યાનો ભોગ બનેલ કલ્પેશ ડામોરના પરિવારજનો પોલીસતંત્રાની કામગીરીની સરાહના કરી ત્રણે આરોપીઓને શખ્ત સજા કરવામાં આવેની માંગ કરી હતી

# બ્રિટનમાં આજથી કોરોના વેક્સિન આપવામાં આવશે

લંડન,તા.૭

વિશ્વભરમાં હાલ કોરોનાનો કહેર છે. અત્યાર સુધીમાં કોરોનાથી દુનિયામાં ૬.૭૦ કરોડથી વધારે લોકો સંક્રમિત થઈ ચુક્યા છે અને ૧૫.૩૮ લાખથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. વિશ્વભરની નજર હવે કોરોના રસી પર ટકી છે. આ દરમિયાન અનેક દેશોએ સામૂહિક રસીકરણની તૈયારી કરી છે. જેને સૌથી મોટી સફળતા તરીકે જોવામાં આવે છે. બ્રિટનમાં આવતીકાલથી કોરોના રસીકરણ શરૂ કરવામાં આવશે. એક રિપોર્ટ પ્રમાણે બ્રિટનની મહારાણી એલિઝાબેથ દ્વિતીય અને તેના પતિ પ્રિંસ ફિલિપને સૌથી પહેલા રસી આપવામાં આવશે. આ માટે ડોક્ટરની સલાહ લેવામાં આવી છે. બ્રિટનના સ્વાસ્થ્ય મંત્રી મૈટ હેનકોકે જણાવ્યું, આવતીકાલથી વેક્સિન લગાવવાનું અભિયાન શરૂ કરાશે. હું તમામને વિનંતી કરું છું કે વાયરસને ખતમ કરવામાં પોતાના તરફથી યોગદાન આપે અને નિયમોનું પાલન કરો. આગમી સપ્તાહ ઐતિહાસિક હશે. કારણકે અમે વેક્સિન આપવાનું કામ શરૂ કરી રહ્યા છીએ. જલદી વાયરસ પર કાબુ મેળવી લઈશું તેવી આશા છે.

## સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ નિર્ણય લેવાયો

# વાલીનું કોરોનાથી મૃત્યુ થયું હોય તેવા વિદ્યાર્થીને ભણે ત્યાં સુધી શાળામાં મળશે ફી માફી

ગાંધીનગર,તા.૭

ગુજરાતની ૮ હજાર સ્કૂલોને લઈને એક નિયમ જાહેર કરવામાં આવ્યો છે. કોરોના મહાબિમારીના કારણે મૃતક વાલીઓના સંતોનોને ફ્રી શિક્ષણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ નિર્ણય લેવાયો છે. ફી માફી માટે કોરોનાથી મૃત્યુનું પ્રમાણપત્ર જરૂરી બનાવવામાં આવ્યું છે. આ નિયમ ગુજરાતની ૮ હજાર સ્કૂલોને લાગૂ પડશે. કોરોનામાં મૃત્યુ પામેલા વાલીના સંતાનોને ફ્રી એજ્યુકેશન આપવાની જાહેરાતથી બાળકોને મહંદઅંશે ઘણી મદદ મળી રહેશે. આ નિર્ણય સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા લેવાયો છે. ફી માફીનો લાભ લેવા કોરોનાથી મૃત્યુનો દસ્તાવેજ જે તે સ્કૂલમાં જમા કરાવવું પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ અમદાવાદની જાણીતી ૪૦થી વધુ સ્કૂલોના એસોસિયેશન ઓફ પ્રોગ્રેસિવ સ્કૂલના સંચાલકો મૃતક કોરોના વોરિયર્સના બાળકોને ફી લીધા વગર જ ભણાવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો..



એઓપીએસમાં પ્રસ્તાવ રજૂ કરાયા બાદ મોટા ભાગની સ્કૂલોએ બાળકોને ફી વગર જ અભ્યાસ કરાવવાની તૈયારી દર્શાવી છે. આવનારા સમયમાં આ મુદ્દે સ્કૂલોની સંખ્યા પણ વધી શકે છે.

સમાજ માટે જે કોરોના વોરિયર્સ કોરોના સામેની લડાઈમાં મૃત્યુ પામ્યા છે તેઓના બાળકોનું ભવિષ્ય ઊજળું બને તેવો પ્રયાસ શહેરની જાણીતી સ્કૂલો દ્વારા કરાયો છે. સમાજને કોરોનાથી બચાવવા અને કોરોનાના દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે હજારો હેલ્થ કર્મચારીઓ રાત દિવસ કામ કરી રહ્યાં છે અને આ કામગીરી દરમિયાન જ તેઓ પોતે પણ સંક્રમિત થઈ ગયા હતા.

લોકોની સેવા કરતા તેઓ મૃત્યુ પામ્યા હતા. તેમના પરિવારને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન આવે તે જોવાની સમાજની ફરજ છે. ખાસ કરીને તેમના બાળકોનો અભ્યાસ આર્થિક કારણોને લીધે અટકે નહીં તેની જવાબદારી શહેરના સ્કૂલ સંચાલકોએ ઉઠાવી છે. આ પહેલા એઓપીએસના ગ્રૂપમાં પ્રસ્તાવ રજૂ કરાયો હતો. વિચારણાને અંતે મોટાભાગના સ્કૂલ સંચાલકોએ તૈયારી દર્શાવી હતી. એઓપીએસમાં અમદાવાદની મોટાભાગની જાણીતી સ્કૂલોનો સમાવેશ થાય છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત NOG સાહિત્ય સરિતા - ૧ વોટ્સ અપ ગ્રુપ મેમ્બરો ની "સથવારો" ઉપર આજે "પદ્ય" વિભાગ રચનાઓ.

---

**NOG SS NO : 0062**

વિભાગ : પદ્ય
શીર્ષક : (તારો સથવારો ઝંખ્યુ)
સથવારો ઝંખી તારો કવન,
વાટ જુવે ક્યારનો પવન.
રાત રાણી બની દુલ્હન,
ગુલાબના ખીલ્યાં ચમન.
મોસમનો કલરવ કરે શ્રાવન,
નાવા ઉતર્યા છે ત્રણે ભુવન.
સોળકળાએ ખિલ્યું યૌવને,
પ્રેમ ની શરૂઆત થઈ નયને.
બની તારી કાન રાધા જોગન,
તોય રહી પ્રિત અધૂરી મોહન.
સંધાર વર્ષાબેન દેવજીભાઈ ગાલા'પલક'
ગામ બિદડા તાલુકો માંડવી જિલ્લો કચ્છ

---

**NOH SS NO :- 0032**

વિભાગ:- પદ્ય
શીર્ષક:- સથવારો
નથી આરો કે ઓવારો
ક્યાં છે આરો કે ઓવારો?
સમયના વહેણમાં વહેતો.
ત્યાં નથી સાથ કે સથવારો,
એક?તારો છે સથવારો પ્રભુ.
ત્યાં એકલ પંડે જ જાવું,
ત્યાં શરણ સોબતી થાવું.
સમય નિસરતો એકધારો.
ત્યાં નથી સાથ કે સથવારો.
એક તારો છે સથવારો પ્રભુ.
ત્યાં પવન પાણી નહિ સાથે,
ધરા અગન ક્યાં છે ભાથે.
ત્યાં નથી વિચારો આચારો.
ત્યાં નથી સાથ કે સથવારો.
એક તારો છે સથવારો પ્રભુ.
ઝળહળવું એક પરમાણા
સમજ ધરી લ્યો સૌ શાણાં,
ત્યાં છે અવકાશી આધારો.
ત્યાં નથી સાથ કે સથવારો.
એક તારો છે સથવારો પ્રભુ.
મીના માંગરોલિયા મીનુ
અમદાવાદ

---

**NOG SS NO : 0051**

વિભાગ: પદ્ય
શીર્ષક: સથવારો
મોંઘેરા મૂલની કેડી
સાજણ તારે સથવારે...રે લોલ
ઓરતા મનનાં પૂરા કર્યા
સાજણ તારે સથવારે....રે લોલ
સોળે શણગાર સજ્યાં આજ
સાજણ તારે સથવારે...રે લોલ
ચૌરીના ચાર ફેરા ફર્યા
સાજણ તારે સથવારે...રે લોલ
કંકુ પગલે આંગણું શોભે
સાજણ તારે સથવારે....રે લોલ
કુટુંબ અલબેલી બની આજ
સાજણ તારે સથવારે...રે લોલ
સોનામાં સુગંધ ભળી આજ
સાજણ તારે સથવારે...રે લોલ
સાત સમંદર તરી જાય
સાજણ તારે સથવારે...રે લોલ
મનખો સુખડા પામે
સાજણ તારે સથવારે...રે લોલ
સાજણ તારો સથવારો
સાજણ તારો સથવારો ..રે
ઉર્વશી મહેતા ..અમદાવાદ.

---

**NOG.SS NO--0026**

સથવારો
વિભાગ - પદ્ય
એક મુક્તક.
છંદ - ગાલગાગા ગાલગાગા ગાલગા.
લાગણીમાં જીવ જ્યાં ખેંચાય છે,
વેદનાંઓ એટલે તો થાય છે!
વાત સથવારાની કઈ રીતે લખું?
પત્ર તમને ક્યાં કદી વંચાય છે?
અંજના ગાંધી "મૌનું"
વડોદરા

---

**NOG SS NO :-0038**

વિભાગ :-પદ્ય
શીર્ષક :- સથવારો
નાની એવી ઓરડીમાં સમાવી શકે છે
મા બાપ એમના લાડલા સંતાનને.. !
નથી સમાવી શકતા સંતાન
એમના બંગલામાં ઘરડા મા બાપને.. !
જોયા છે એવા સંતાન આજે
મા બાપનું ઘડપણ હરપલ લાજે.. !
ઝાકળનાં બુંદ જેવી જિંદગી ઘડપણની
કદર નથી છતાં ઘરડા મા બાપની ..!
જદગીભરનો છાંયડો આપવા સંતાનને
મા બાપ તપ્યા છે આકરા તાપે.. !
ભણાવી ગણાવી સન્માન અપાવ્યું
મા બાપનું ઘડપણ માં માન ના રાખ્યું !
ધિક્કાર છે એવા સંતાનને
બતાવે રસ્તો ઘરડાઘરનો મા બાપને.. !
મા બાપનું ઘડપણ જવાબદારી સંતાનની
આપી 'સથવારો' ઠારો આંતરડી મા બાપની.....!
શીલાપટેલ " આકાંક્ષા "

---

**NOG SS NO,---19**

શબ્દ,,, સથવારો
પ્રકાર,,, પદ્ય
નામ,,કલ્પના બેન ત્રિવેદી
ગામ,, સુરેન્દ્રનગર
ભાષા,,ગુજરાતી
કદી ન હારતો જીવનની સમસ્યાથી,
એક પ્રયત્ન કરી તો જો.
તું એકલો નથી,એકડો છે,
તારી કિંમત લગાવી તો જો.
રાખવું લક્ષ્ય ઉચ્ચ જીવનમાં,
કદી ન પાછા હટવું જીવનમાં,
છે અઢળક સફળતા,
એક આત્મીયનો સથવારો બની તો જો.
કયાં સુધી હાર્યા કરશું ?
એક નાના વાઇરસથી?
જીવીને ઝઝૂમી ઉઠશું ,
સફળ પ્રયાસથી,
સથવારે સથવારે બનશે જીવન.
કદી ના માનીશું હાર!
પ્રયત્ન કરીશું લગાતાર,
હજારો દિપ ઝગમગી ઉઠશે,
સૌના સહિયારા પ્રયાસ થી.
આરંભ છે તો અંત પણ છે,
લડીએ એક ખુમારીથી!
નાનાં મોટા સાથે મળી ,
બનીએ એક તાકાત!
આ જંતુને નાથવા માગીએ ,
એક સથવારો!

---

**NOG/0044**

વિષય:- સથવારો.
વિભાગ:- પદ્ય.
ગોધૂલી ટાણે સંધ્યાની લાલાશે,
મંદિરમાં વાગતી ઝાલરનાં રણકે,
ઝાલ્યો છે તારો હાથ જીવનભર આપીશ સાથ.
આજ ક્ષણથી પળેપળનો સથવારો એકમેકનો.
એકમેકના સથવારે ખૂંદીશું ગીરીકંદરા,
મુશ્કેલીમાં સ્થિર રાખીશું જીવનનૌકા.
એકમેકના સથવારે સંસાર સાગર તરીશું.
વૃધ્ધાવસ્થામાં ડુંગરા બનાવશું ઉંબરા.
અંતિમ પડાવે છૂટશે સથવારો,
રહેશે તે જીવશે સથવારાની યાદે.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.







# શબ્દ એ શુકનથી પણ આગળ છે

# શુકનશાસ્ત્ર એ ટાઈમ ટેસ્ટેડ અનુભવોનો નિચોડ છે

શુકન - અપશુકનમાં માનવું કે ન માનવું એ એક વ્યક્તિગત પસંદગીનો વિષય છે. પરંતુ આપણા વડવાઓએ અસંખ્ય વર્ષના અનુભવ પછી આપેલા સનાતન સત્યના નિચોડ સ્વરૂપે હોય છે. આપણા વડવાઓ કહેતા કે ચપ્પલ ઊંધા ન રાખવા, સાવરણી ઊભી ન રાખવી, જતી વખતે ખાવાનું નામ લઈને ન નીકળવું વગેરે અનેક વાતો આપણે તેમની પાસેથી સાંભળી છે. અહીંયા આવા કેટલાક વિધાનો અનેક ગ્રંથોના આધારે અને વડવાઓ પાસેથી સાંભળેલી વાત મુજબ જણાવાયા છે. પશુ-પંખીના અવાજો પરથી પણ ભવિષ્ય કહેનારાઓ આપણે ત્યાં ઓછા ન હતા.

ચોરો જ્યારે ચોરી કરવા જાય ત્યારે પંખીઓની સાંકેતીક ભાષા તેમના નાના બાળકો પણ ઉકેલીને ચોરી કરવા જતા હોય છે. જેમ કે આજે માલ મળશે કે નહીં મળે કે ધોલધપાટ મળશે કે નહીં તેની આગોતરી જાણ વડના વૃક્ષમાંથી બનાવેલ વિશિષ્ટ ઔષધિ દ્વારા થઈ જતી હોય છે. ચોરોના સરદારે એક વખત એક સંતપુરુષ પાસે આ કબૂલાત કરી હતી કે વૈશાખ સુદ ૩ ને દિવસે અમે ગાઢ જંગલમાં વડના વૃક્ષ ઉપર એક માટલું બાંધતા હોઈએ છીએ અને બરાબર એની નીચે જમીન ઉપર એક અડધું તૂટેલું માટલું મુકતા હોઈએ છીએ. ઉપરના માટલામાં એક નાનકડું છીદ્ર પાડવા દ્વારા ધીમે ધીમે નીચેના માટલામાં પાણી ટપક ટપક પડતું હોય છે. ગાઢ જંગલમાં અનેક પશુ પંખીઓ આ પાણીને બોટે છે. વડના વૃક્ષમાંથી પડતી ઝાંકળ કે વરસાદ આદિનું પાણી પણ આ નીચેના માટલામાં પડે છે અને સિંહ, વાઘ, વરુ સહિત સાપ, ચકલી કે કબૂતર પણ આ પાણી પીવા માટે આવે છે. બરાબર એક વર્ષ પછી અમારા નસીબ બળીયા હોય તો હિંસક પશુઓથી બચતા બચતા અમે ગાઢ જંગલમાં એ માટલા પાસે જઈને જો એમાં કોઈ પાણી બચ્યું હોય તે લેતા આવીએ છીએ અને અને અમારા ઘરમાં જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે ગળથુંથીમાં આ પાણી પીવડાવીએ છીએ જેથી તે બાળકને સહજ પશુ-પંખીની આ સાંકેતિક ભાષા આવડી જાય છે. ન જ્યારે સામે આવે ત્યારે આપણી જમણી બાજુથી તેને પસાર થવા દેવું જોઈએ. તો તે શુકન સુદ્રઢ થાય છે. અપશુકન થાય ત્યારે તેને ડાબી બાજુથી જવા દેવાથી તે અપશુકન નિષ્ફળ જાય છે. શુકનોનું બહુ મોટું લિસ્ટ આપવામાં આવ્યું છે. બે સફેદ બળદ સામેથી આવે, કુંવારી કધયા આવે, બેડું ભરેલી પનીહારી આવે, ૐ, જય કે શ્રી નામનો કોઈ ઉચ્ચાર કરે અથવા તો તેવા સૂચકનું ચિન્હ આવે તો તે શુકન ગણાય છે. પરંતુ સામેથી કોઈ દૂધ લઈ આવે અથવા બહારગામ જતી વખતે ઘી, પાપડ સાથે ન લઈ જાય અથવા તેલ અને સાબુ સાથે તો ન લઈ જાય પણ નામોચ્ચરણ પણ ન કરે તેવી કિંવદંતી છે.

કાગડાના ટોળા છત પર આવીને ઝઘડા-ઝઘડી કે બુમાબુમ કરે તો ઘરના માલિક પર સંકટનો સંકેત છે. સવારના પહોરમાં કાગડાઓ કાઉ-કાઉનો અવાજ કરતા હોય તો સમજવું કે મહેમાન પધારવાના છે. સવારના સમયે કાગડો ઉડીને પગનો સ્પર્શ કરે તો તે આર્થિક લાભ કરાવીને જીવનમાં પ્રગતિ કરાવે છે. કોઈ વ્યક્તિના શરીર પર કાગડાની હગાર પડે તો શારીરિક અને માનસિક પીડાનો સામનો કરવો પડે છે. અને માથા પર આવીને બેસે તો રોગ અને ધનની હાનિ થાય છે. કાગડાના મોઢામાં રોટલી અથવા માંસનો ટૂકડો દેખાય તો મનોકામના પૂર્ણ થવાના સંકેત છે. બહારગામ જતા હોય અને કાગડો કોઈ વાસણમાં પાણી પીતો દેખાય તો કાર્યની સફળતા અને ધનલાભનું સૂચક છે. ઘરની છત ઉપર આવીને કાગડો દક્ષિણ તરફ મુખ કરીને બોલે તો અશુભ સંકેત માનવામાં આવે છે. પણ બપોર પહેલા કાગડાનો અવાજ પૂર્વ અને ઉત્તર દિશાથી સંભળાય તો લાભપ્રદ સુખનો સંકેત માનવામાં આવે છે.

શુભ પ્રસંગે ૧૦૮ જુદા જુદા શુકનો કરતા હોય છે. જે નીચે પ્રમાણે છે. લીલા પાન સાથે જોડાયેલી શેરડી, અબીલ, મંત્રાક્ષરોથી મંગળ કળશ, ગુલાલ,**एं, अर्हं, श्रीं, ह्रीं, क्लीं** વગેરે મંત્રાક્ષરો, નંદ્યાવર્ત, કંકુ, ચક્ર, સ્વસ્તીક, સવા રૂપિયો, ધર્મ ધજા, સંપૂટ, ચામર, ઘંટ, મીનયુગલ, શુભનામ, ૨૪ તીર્થંકર પરમાત્માના નામ, ગચ્છાધિપતિના નામ, પુષ્પની માળા, દર્પણ, શુભ નામનો જયનાદ, પદ્મસરોવર, સીંહાસન, દીશાઓના શુભનામ (પૂર્વ અને ઉત્તર), લક્ષણથી યુક્ત એવી ચીજ, શ્રીવત્સ, શુભ આકાર (ચતુષ્કોણ), નંદીસૂત્ર, હાથી, અષ્ટકોણ વગેરે, પોઠિયો (નંદી), બળદ, ઘોડા, પુષ્પવૃષ્ટી, પુષ્પનું ઘર, પંચવર્ણફૂલ, ખીર, કાળા અડદ, કમળ, લાપસી, મગ, કસ્તુરી, આંબાના પાન (અથવા ચૈત્યવૃક્ષ), છત્ર, નાગરવેલના પાન, આસોપાલવનું તોરણ, સોપારી, સુવર્ણ, સારંગી, દુર્વા, કુવારી કધયા, પંચવર્ણ ચોખા, તંબોલ, સુહાગણ સ્ત્રી, મોતી, તજ, સંપૂર્ણ ભરેલો ઘડો, કેસર, લવીંગ, લાલ કપડું, બદામ, એલચી, હળદળનો ગાંઠીયો, ગુલાબજળ, તુલસી, નીમક, વરખ, આસોપાલવ, ગોળધાણા, પંચામૃત, કેલીઘર (કેળાના ગુચ્છા), ધાણા, મીઢોળ, શ્રીફળ, નાડાછડી, ૧૪ સ્વપ્ન, ગોળ, ધૂપ, અષ્ટમંગળ, સાકર, દીપ, ચામર, ચોખા, મોરપીછ (વિષઉતારનાર), સુગંધી ફુલો, મગ, ખારેક, માંગલિક આકાર-મીઠાઈ, શહેનાઈ, સૂર્ય, બીજોરૂ, ઢોલ (દીવ્યધ્વની), ચંદ્ર, લીલુ શ્રીફળ, શંખ, બાજોઠ, સમવસરણના ત્રણ ગઢ, શંખનાદ, કમળ કાકડી (પબડી), અશોકવૃક્ષનું તોરણ, કોડી, સુખડી (ગોળપાપડી), શુભ - લાભ નું તોરણ, નવકાર મંત્ર, સંખ્યાથી ૯,૯૯,૮૧=૮ ૧=૯ જેટલા મંગળ કરો તે આંકડો , શ્રી ૧૧ નું ચિન્હ, રૂપાનાણું, એકી સંખ્યા, ડ્રાય ફ્રુટ.

મિસ્ડકોલ મારીશ એને બદલે કરીશ શબ્દપ્રયોગ મંગળકારી છે. મંગળ ગ્રહની આડઅસર ઓછી કરવા વડવાઓએ એનું નામ જ મંગળ રાખી દીધું. એટલે અડધી આડઅસર તો શબ્દ બોલવાથી જ ઓછી થાય છે. સારા શબ્દો તે શુકનથી પણ આગળ હોય છે. અને બાળકના અને મેઘના વચનની જેમ અમોઘ હોય છે. વારે વારે ઓકે શબ્દ બોલવાને બદલે ભલે શબ્દ બોલવાથી મંગળ થતું હોય છે. સવારમાં ગુડ મોર્નિંગ કહેવાને બદલે વિમલશ્રી સુપ્રભાતમ્ નો શબ્દ એકવાર વાપરીને બોલનાર અને સાંભળનારના જીવનમાં મંગળનો અખતરો કરી જોજો. કોઈના લગ્ન પ્રસંગે કે શુભ પ્રસંગે કોન્ગ્રેચ્યુલેશન્સ કે બેસતા વર્ષે હેપ્પી ન્યુયર કહેવાને બદલે મંગલ કામના શબ્દ બોલવાથી પણ અનેક મંગળો પ્રગટે છે અનેક પ્રકારના અનુમોદનાના પાપમાંથી બચી જવાય છે.

લેખક : અતુલકુમાર વ્રજલાલ શાહ, સીએ

## બેફામ ટ્રક ચાલકે બાઈક સવારને કચડ્યો

# અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રાજેન્દ્રનગર ચોકડી નજીક અંડરબ્રીજ પાસે ટ્રકની ટક્કરે બાઈક ચાલકનું મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાંથી પસાર થતા હાઈવે પર રાજસ્થાન તરફથી આવતા કેટલાક ટ્રક ચાલકો અને અન્ય વાહન ચાલકો રાજસ્થાનના ઠેકાઓ પરથી દારૂ ઢીચી નશાની હાલતમાં વાહન હંકારતા હોવાથી અનેક વાર ગમખ્વાર અકસ્માતમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓએ જીવ ગુમાવવો પડી રહ્યો છે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રાજેન્દ્રનગર ચોકડી નજીક અન્ડરબ્રીજમાંથી બહાર આવતા બાઈક ચાલકને રાજસ્થાન તરફથી આવતા ટ્રકે અડફેટે લઈ રોડ પર ઢસડતા બાઈક ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા દમ તોડી દીધો હતો હાઈવે પર લોહીની લસરકા પડી ગયા હતા અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઇ ગયો હતો

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના મગોડી ગામના કોદરસિંહ મકવાણા રાજેન્દ્રનગર ચોકડી નજીક આવેલા અન્ડરબ્રીજ માંથી બાઈક લઈ બહાર હાઈવે પર આવતા હતા ત્યારે રાજસ્થાન તરફથી માતેલા સાંઢની માફક આવી રહેલા ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારી બાઈક ટ્રકના ટાયર નીચે રોડ પર ઢસડતા બાઈક ચાલક કોદરસિંહ મકવાણાના શારીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મૃતક બાઈક ચાલક કોદરસિંહના પરિવારજનો અને સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે પહોંચી રોકોકકળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી અકસ્માતના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ઊંઝા લક્ષચંડી મહાયજ્ઞઃ ૨૨ ડિસેમ્બરે ૧ વર્ષની ઊજવણી કરાશે

ઊંઝા,તા.૭

વિશ્વમાં જેની નોંધ લેવાઈ હતી તેવા ઉંઝામાં લક્ષચંડી મહાયજ્ઞના પ્રથમ વાર્ષિક દિને મંદિર ટ્રસ્ટ દ્વારા તેની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉંઝામાં લક્ષચંડી મહાયજ્ઞના પ્રથમ વાર્ષિક દિને ૨૨ મીએ ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા એક દિવસની પ્રતિકાત્મક ઊજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે ઉંઝામાં નવચંડી યજ્ઞ, ધ્વજારોહણ તેમજ મા ઉમાને છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવહે સાથે મંદિર રોશનીથી ઝગમગી ઉઠશે અને દિવડાઓ પ્રજવલિત કરાશે.

કોરોના મહામારી સંજોગોને લઇ સરકારની ગાઈડ લાઈન મુજબ લક્ષચંડી મહાયજ્ઞ પ્રથમ વાર્ષિક દિવસે એક દિવસિય પ્રતિકાત્મક દિવસે ૨૨ મીનો સંપૂર્ણ કાર્યક્રમ નિજ મંદિર પરિસરમાં જ રખાયો છે, મંદિરને ૧૮ થી ૨૨ તારીખ સુધી રંગોળી અને રોશનીથી શણગારવામાં આવશે.

# પ્રેરણાદાઇ સામાજિક સંબંધ



વેરાવળમાં લોહાણા રઘુવંશી વેપારીની લાડકી દીકરીના આજે લગ્ન હોવાથી છેલ્લા ઘણા દિવસોથી પરિવાર હર્ષોલ્લાસ સાથે લગ?ન સમારોહની તૈયારીઓ કરી રહ્યો હતો. ત્યારે ગઇકાલે રવિવારે બપોરે એકાએક દીકરીના પિતાની તબિયત લથડી જતાં તેમને સારવાર અર્થે રાજકોટ ખાતે લઇ જવાઈ રહ્યા હતા એ દરમિયાન રસ્તામાં જ હાર્ટ-અટેકથી તેમનું મૃત્યુ થતાં રઘુવંશી પરિવારમાં ખુશીનો માહોલ એકાએક ગમગીનીમાં ફેરવાઈ ગયો હતો. દીકરીના પિતાના એકાએક અવસાન બાદ બન્ને પરિવારોએ સામૂહિક રીતે હાલ લગ?ન પ્રસંગ મુલત?વી રાખવાનો નિણર્ય લીધો હતો.મોભી નિસંતાન હોવાથી નાના ભાઈની દીકરીને ઉછેરી હતી

સમાજમાં હળવા સાથે સૌકોઇના હૃદયને હચમચાવી નાખે એવી ગમગીનીભરી ઘટનાની વિગત મુજબ વેરાવળ શહેરના બિહારીનગરમાં રહેતા અને જંતુનાશક દવાના રઘુવંશી વેપારી અશોકભાઇ પ્રાણજીવનદાસ તન્ના (ઉં.વ.૬૨) નિસંતાન હોવાથી તેમના નાના ભાઇની દીકરી આયુશીને બાળપણથી જ પોતાની પાસે અત્રે વેરાવળ રાખી પ્રેમ-સ્નહેથી ઉછેરીને ભણાવી-ગણાવી મોટી કરી હતી. દીકરી અમદાવાદ ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતી હતી. આ દીકરી આયુશીના લગ્ન આજે તા.૭ ના રોજ લેવાયા હોવાથી રઘુવંશી પરિવાર લાડકવાયી દીકરીના લગ?ન સમારોહની જુદી-જુદી વિધિઓની ઉત્સાહભેર તૈયારી કરી રહ્યો હતો.

ભારે શોકની લાગણી પ્રસરી

લાડકવાયી દીકરીનું કન્યાદાન કરવા પિતાના હૈયે હરખ સાથે ખુશી છલકાતી જોવા મળતી હતી. દર મિયાન દીકરીના લગ્નના આગલા દિવસે એટલે કે રવિવારે સવારે વેપારી અશોકભાઇ તન્નાની એકાએક તબિયત બગડતાં શ્વાસ લેવામાં તકલીફ થઇ હતી, જેથી વેરાવળની ખાનગી હોસ્પિટલે લઇ જવાયા હતા, જ્યાં તબીબે વધુ સારવાર અને રિપોર્ટ અર્થે રાજકોટ લઇ જવાનું જણાવ્યું હતું. પરિવારજનો તરત એમ્બ્યુલન્સ મારફત રાજકોટ લઇ જઇ રહ્યા હતા ત્યારે ગોંડલ આસપાસ અશોકભાઇનું મૃત્યુ થયું હતું. આ સમાચારથી ખુશીમાં થનગનતા રઘુવંશી પરિવાર તથા લોહાણા સમાજમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઇ હતી.આયુશી પાલક પિતાની અંતિમયાત્રામાં જોડાઈ

વેપારી અશોકભાઇના પાર્થિવદેહને રાત્રિના દસેક વાગ્યે તેમના નિવાસસ્થાને લઇ આવવામાં આવ્યો ત્યારે પરિવારજનોના હૃદયફાટ આક્રંદનાં દૃશ્યો જોઇ ત્યાં હાજર સૌકોઇની આંખો ભીની થઇ ગઇ હતી. ત્યાર બાદ લાડકી દીકરી આયુશીએ અશ્રુઓની વહેતી ધરા સાથે તેના સ્વર્ગસ્થ પિતાને કાંધ આપી સ્મશાનયાત્રામાં જોડાઇ સ?મશાનઘાટ ખાતે જઇ અગ્નદિાહ આપ્યો હતો. ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ

# ૮ ડિસેમ્બરના ભારતબંધના એલાનને નગરજનોને સમર્થન આપવા અપીલ કરતા કોંગી નેતાઓ




રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની અખબારી યાદીમાં જણાવ્યું છે કે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, મનપાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, રાજકોટ શહેર કોંગ્રેસ પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત, ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, પ્રદેશ આગેવાનો ડો.હેમાંગભાઈ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, પ્રદીપભાઈ ત્રિવેદી, દિનેશભાઈ મકવાણા, દિનેશભાઈ ચોવટિયા, રાજદીપસિંહ જાડેજા, મુકેશભાઈ ચાવડા, ફ્રન્ટલ-સેલ ચેરમેનશ્રીઓ યુથ કોંગ્રેસ – જયપાલસિંહ રાઠોડ, NSUI – નરેન્દ્રભાઈ સોલંકી, મહિલા કોંગ્રેસ – મનીષાબા વાળા, સેવાદળ- રણજીતભાઈ મુંધવા, એસ.સી. વિભાગ- નરેશભાઈ સાગઠીયા, ઓ.બી.સી વિભાગ- રાજેશભાઈ આમરણયા, માઈનોરીટી વિભાગ – યુનુસભાઈ જુનેજા, સહિતના કોંગી આગેવાનોએ રાજકોટની જનતાને ભારત બંધના એલાનમાં જોડાવવા અપીલ કરી છે.

દેશના વિવિધ ખેડૂત સંઘો, કેન્દ્રસરકાર દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણ ખેડૂત વિરોધી કાયદાઓ સામે વિરોધ કરી રહ્યા છે. કડકડતી ઠંડી, અને પોલીસના કઠોર પગલા છતાં દેશનો અન્નદાતા આ લડતમાં અડગ છે. કોંગ્રેસપક્ષ શરૂઆતથી જ સંસદમાં અને સંસદની બહાર આ કાયદાઓ સામેની લડતમાં અગ્રેસર રહ્યો છે ખેડૂત વિરોધી આ કાયદાઓ સામેની તેમની લડતને આગળ વધારતા ખેડૂત સંઘોએ ૦૮મી ડિસેમ્બર,૨૦૨૦ મંગળવારના રોજ "ભારત બંધ"નું એલાન આપ્યું છે.

આ એલાનના અનુસંધાનમાં રાજકોટ શહેર બંધ રાખવા માટે રાજકોટ શહેર કોંગ્રેસના આગેવાનોએ રાજકોટની જનતાને અપીલ કરી છે.

(મહેશભાઈ રાજપૂત)

# એડિશનલ કલેક્ટર રીટા.એન.પંડ્યા નું કલાકારો દ્વારા સન્માન કરવામા આવ્યું



તારીખઃ-૬-૧૨-૨૦૨૦ રવિવારના રોજ તાજેતરમાં સમસ્ત ગુરુ બ્રામણ સમાજનું ગૌરવ અને સમગ્ર નારીશકિતને પ્રેરણારૂપ એવા રીટાબેન એન.પંડયા બળોલ(ભાલ)ને એડીશનલ કલેકટર તરીકે પ્રમોશન મળવા બદલ સાત સુરો કા બહેતા દરિયા ગ્રુપના નામાંકિત કલાકારો એવા પ્રભુદાસ દવે (વરિષ્ઠ કલાકાર,ચાંદખેડા),અરવિંદભાઈ શ્રીમાળી(બ્રમાણી આર્ટ એન્ડ એસ.કુમાર નાઈટના ઓનર,અમદાવાદ),દિપકભાઈ તપોધન(લોકગાયક, અમદાવાદ),નગીનભાઈ તપોધન(લોકગાયક,ચાંદખેડા), નવનીતકુમાર(ઉદય ફિલ્મ પ્રોડકશનના ઓનર,ચાંદખેડા),કનુભાઈ પરમાર(ભજનસમ્રાટ,રાધનપુર),સુરેશ ચોરાસીયા(લોકસાહિત્યકાર,પાલનપુર), છાયંકભાઈ વાઘેલા(લોકગાયક અને ગીતકાર,વાડજ),સંતોષભાઈ ડાડીયા(સામાજિક કાર્યકર,પાલનપુર) વગેરે નામાંકિત કલાકારોએ રીટાબેન પંડયાના અમદાવાદ પ્રગતિનગરના નિવાસસ્થાને જઈ રીટાબેન પંડયાનું ટ્રોફી અને બુકે આપી સન્માન કર્યું હતું અને એડીશનલ કલેકટર તરીકે પ્રમોશન મળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા સાથે રીટાબેન પંડયાના પૂજય પિતાશ્રી એવા નિવૃત કલેકટર એન.આર.પંડયા સાહેબને ગ્રુપ દ્વારા બુકે આપી સન્માન કર્યું હતું તેમજ અમારા સાત સુરો કા બહેતા દરિયા ગ્રુપના એડમીન અને ઉદય ફિલ્મ પ્રોડકશનના ઓનર નવનીત કુમારની ગ્રુપ માટેની વર્ષો દરમ્યાનની કામગીરી ધ્યાનમાં રાખી સમસ્ત સાત સુરો કા બહેતા દરિયા ગ્રુપે નવનીતકુમારનું એડીશનલ કલેકટર રીટાબેન પંડયાના હસ્તે ટ્રોફી અપાવી નવનીતકુમારને સરપ્રાઈઝ આપી હતી.આ પ્રસંગે મારી બીજા લોકો પ્રત્યેનો પ્રેમ જોઈ,કલાકારોની કામગીરીને બિરદાવવા બદલ એડીશનલ કલેકટર રીટાબેન પંડયાએ મારું સમસ્ત સાત સુરો કા બહેતા દરિયા ગ્રુપ વતી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું આ બદલ હું રીટાબેન પંડયા અને તેમના પરિવારનો ખુબ ખુબ આભાર માન્યો હતો તેમજ અરવિંદભાઈ શ્રીમાળીએ મારું બુકે આપી સન્માન કર્યું હતું અને મને પ્રોત્સાહન આપ્યું હતું સાથે જ આ પ્રસંગે રીટાબેન પંડયાએ દરેક ક્ષેત્રમાં અમને સપોર્ટ આપવાની વાત કરી અમારી કામગીરીને બિરદાવી હતી સાથે જ રીટાબેનના પૂજય પિતાશ્રી નિવૃત કલેકટર શ્રી એન.આર.પંડયા સાહેબે આભારવિધી કરી કાર્યક્રમને આખરી ઓપ આપ્યો હતો.

## માદરે વતનમાં જશ્ન જેવો માહોલ

# પહાડપુરનો વ્રજ પટેલ હવે ઓસ્ટ્રેલિયાના યુદ્ધ વિમાન ઉડાડશે,ઑસ્ટ્રેલિયન એરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતના અનેક પરિવારો અને યુવક-યુવતીઓ વિદેશમાં સ્થાઈ થઇ રમત-ગમત ક્ષેત્ર હોય કે પછી અભ્યાસ દરેક ક્ષેત્ર અગ્રેસર રહી વિશ્વમાં નામ રોશન કરી રહ્યા છે ત્યારે વધુ એક ગુજ્જુ યુવકે ઓસ્ટ્રેલિયા એરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક થતા માદરે વતન જશ્ન જેવો માહોલ સર્જાયો છે ગુજરાતને ગૌરવ થાય તેવા એક સમાચાર મળી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટચુકડા પહાડપુર ગામનો વ્રજ પટેલ નામના યુવકની ઓસ્ટ્રેલિયન એસરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક કરવામાં આવી છે ઓસ્ટ્રેલિયન એરફોર્સમાં સૌપ્રથમ



વાર પસંદગી થતા સમગ્ર જિલ્લા સહીત રાજ્ય માટે ગૌરવની વાત છે. મોડાસા તાલુકાના પહાડપુર ગામના અને સર્વોદય સ્કૂલમાં બાયોલોજી લેબ આસિસ્ટન્સ નટુભાઈ પટેલનો પુત્ર વિમલભાઈ વર્ષોથી ઓસ્ટ્રેલિયા સ્થાઈ થયા થયા છે અને હાલ ઓસ્ટ્રેલિયામાં એડિલેડમાં માર્ડન સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે ઓસ્ટ્રેલિયા થી વતન પહાડપુર આવતા જતા રહેતા હોવાથી તેમના પુત્ર વ્રજ પટેલને પહેલાથી પાયલોટ બનાવની રુચિ હોવાથી ઉચ્ચ અભ્યાસ કરી ઓસ્ટ્રેલિયામાં પાયલોટ તરીકે નિમણુંક પામ્યા પછી તેની મહેનત રંગ લાવી હોય તેમ ઓસ્ટ્રેલિયાની ગ્રાઉન્ડ એકેડેમી ઓફિસર્સ ટ્રેનિંગ સ્કૂલમાં પસંદગી પામ્યા પછી સખત પરિશ્રમ પછી આખરે રોયલ ઓસ્ટ્રેલિયન એરફોર્સમાં પાયલોટ ઓફિસર તરીકે નિમણુંક થતા વ્રજ પટેલ ઓસ્ટ્રેલિયામાં યુદ્ધ વિમાનો ઉડાડશેની જાણ વતનમાં થતા વ્રજ પટેલના પરિવારજનો અને સમગ્ર ગામમાં જશ્ન જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે વ્રજ પટેલ અને તેના પરિવારને લોકો સોશ્યલ મીડિયા અને ટેલિફોનિક શુભેચ્છા પાઠવી રહ્યા છે

અરવલ્લી જીલ્લાના પનોતા પુત્ર વ્રજ પટેલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સમાં નિમણુક થતા તેને પોતાનું નહીં પણ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે વ્રજ પટેલ સાથે પારિવારિક સંબન્ધ ધરાવતા અને મોડાસા સર્વોદય સ્કૂલમાં કેમેસ્ટ્રી ટીચર ઉત્તમ પટેલના જણાવ્યા અનુસાર વ્રજ પટેલ સૌમ્ય સ્વભાવ ધરાવતો યુવાન હોવાની સાથે ખુબ જ મહેનતુ યુવક છે અને આગામી સમયમાં હજુ પણ વધુ સિદ્ધિઓ મેળવી દેશ અને પાટીદાર સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા પાઠવી હતી

## એક ઈસમની અટકાયત બીજા ઈસમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા

# ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને મુદામાલ માલ સાથે એક વ્યક્તિ ને પકડી પાડતી છાપી પોલીસ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

દ કરવા આપેલ સુચના મુજબ તથા મદદનીશ પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ પાલનપુર વિભાગ પાલનપુર તથા સર્કલ પો.ઈન્સિ.એન.ડી.અંસારી પાલનપુર તથા પો.સબ.ઈન્સ એસ.ડી.ચૌધરી નાઓની સુચના મુજબ જે સબધે અ.હેડ.કો.જયેશભાઈ સવજીભાઈ તથા અ.હેડ.કો. યાજ્ઞિકભાઈ રતુભાઈ તથા આ.પો.કો મહેન્દ્રકુમાર વીરાભાઈ વિગેરે પોલીસના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત આધારે નવા નાગરપુરા ગામે એક ઈસમ મો.સા GJ-08-BE-5696 ઉપર નવીનજી માનસંગજી ઠાકોર રહે.નાગરપુરા તા.વડગામ વાળાઓ ભારતીય બનાવટનો વિદેશી દારૂ નો જથ્થો લાવી વેપાર કરે છે. જે હકીકત આધારે સદરે જગ્યાએ વોચમાં રહી ઉપરોક્ત ઈસમને મો.સા.સાથે પકડી પાડી એક સફેદ કલરનુ પ્લાસ્ટીકનુ કંતાન છે જેમાં અજવાળે જોતાં અંદર ખાખી પુઠ્ઠાની પેટીઓ જણાતી હોય તેમજ છુટી કાચની બોટલો જણાતી હોય જે તમામ બહાર કાઢી જોતાં સદરે ભારતીય બનાવટના વિદેશી દારુ ની પેટીઓ તથા છુટી બોટલો હોય જે તમામ અલગ અલગ માર્કા વાઈઝ ગોઠવી ગણી તપાસી જોતાં વિદેશી દારૂ નો જથ્થો ૧૮૦ એમ.એલ. ની બોટલો તથા બિયર ના ટીન મળી કુલ નંગ-૬૮ કિ.રૂ.૧૦૨૦૦/- નો જે મુકેશજી કેશાજી ઠાકોર રહે.નાગરપુરા તા.વડગામ સાથે ભાગીદારીમાં દારૂનો વેપાર કરતો હોઈ જેના મારફતે મંગાવી રાખી પોલીસ રેઈડ દરમ્યાન મળી આવી પકડાયેલ હોય ઓના વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૨૦ ડિસેમ્બર સુધી પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

મોડાસા- સોમવાર,

આગામી સમયમાં ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૦૬- ૧૨-૨૦૨૦ ના કલાક ૦૦-૦૦થી તા. ૨૦- ૧૨-૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે. વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે.

જેમાં શારીરીક ઇજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઇ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઇ વસ્તુઓ લઇ જવા અંગે અથવા સાથે લઇને ફરવુ નહી, કોઇ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઇ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઇ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઇ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઇપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઇ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઇ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યકિતઓ, કોઇ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ જરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઇ દંડને પાત્ર થશે.



ભારતીય સશસ્ત્ર સેના ધ્વજ દિવસ" અવસરે સુરક્ષાદળોના જવાનોની સમર્પિત ભાવનાનો ઋણસ્વીકાર કરી સૈનિક કલ્યાણ નિધિમાં ફાળો અર્પણ કર્યો. 'ભારતીય સશસ?ત્ર સેના ધ્વજ દિવસ' અવસરે સૌ નાગરિકોને ઉદાર હાથે ફાળો આપવા અનુરોધ છે. આપણી સીમાઓ સાચવતા આ વીર જવાનો વિકટ સ્થિતિમાં પડકારો અને વિપદાઓ સામે અડગ રહીને પોતાના પ્રાણની પરવા કર્યા વિના રાષ્ટ્ર રક્ષા કરે છે. ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ

# અરવલ્લી જિલ્લામાં સભા તેમજ સરઘસ પર પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

આગામી સમયમાં ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૦ દરમિયાન સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે. વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ ન કાઢવા પર પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે. આ હુકમ સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના કામે ઓજારો લઇ જતા ખેડૂતો, સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહી. . આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## મેઘરજના નવા પાણીબાર ગામે થયો હુમલો

# વીજ ચોરી ઝડપવા ગયેલ ટીમ પર હુમલો કરી પથ્થરમારો કરતા વીજ કર્મીઓ જીવ બચાવી નાઠા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં અંતરિયાળ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વીજચોરી થતી હોવાની અનેક બૂમો ઉઠી રહી છે વીજ ચોરીને અટકાવવા વીજ અધિકારીઓ અને કર્મચારીઓ દોડાદોડી કરતા હોય છે ત્યારે મેઘરજના નવા પાણીબાર ગામે નાયબ ઈજનેર અને સ્ટાફે વિજ ચેકીંગ હાથ ધરતા એક મકાનમાં વીજ થાંભલા પરથી સીધું કનેક્શન લઈ વીજ ચોરી થતી હોવાની ઝડપી પાડતા મકાન માલિકે કિકિયારીઓ કરતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને પથ્થરો વડે હુમલો કરતા વીજકર્મીઓ જીવ બચાવી ભાગ્યા હતા.

ટોળાએ પીછો કરી વાહનો પર પથ્થર ઝીંકતા સરકારી ગાડીઓના કાચ તૂટી ગયા હતા વીજટીમ પર હુમલાની ઘટના બનતા ભારે ચકચાર મચી હતી યુજીવીસીએલના નાયબ ઈજનેરે ઈસરી પોલીસ સ્ટેશનમાં વીજ ટીમ પર હુમલો કરનાર સામે ફરિયાદ નોંધવા અરજી આપી હતી.

મેઘરજ યુજીવીસીએલ કચેરીના નાયબ ઈજનેર હરીશ કલાસવા તેમની ટીમ સાથે વીજચોરી ઝડપી પાડવા ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ હાથધરી હતી શનિવારે સાંજે નવા પાણીબાર ગામમાં રહેતા પ્રકાશ મકનાભાઈ ગામેતીના ઘરે ગેરકાયદેસર રીતે વીજથાંભલા પરથી વાયર જોડી ચોરી કરવામાં આવતી હોવાનું ઝડપી પાડતા પ્રકાશ ગામેતીએ કિકિયારીઓ કરી મુકતા ગામ લોકો દોડી આવ્યા હતા અને વીજટીમ સાથે માથાકૂટ કરતા હુમલો થાય તે પહેલા સમય સુચકતા વાપરી વીજ કર્મીઓ સરકારી જીપમાં બેસી ગયા હતા અને સરકારી જીપ હંકારતા પ્રકાશ ગામેતી તથા જયદીપ ડામોર સરકારી જીપ આગળ પથ્થરો લઈ ધસી આવ્યા હતા અને જયદીપ ડામોરે વીજટીમને તેના પપ્પા ખેડબ્રહ્મા જીઈબી માં નોકરી કરતા હોવાનું જણાવી માથાકૂટ કરતા માંડ માંડ સરકારી જીપ સાથે નીકળવાનો પ્રયત્ન કરતા બંને શખ્સોએ જીપ પર પથ્થરમારો કરતા સરકારી જીપના કાચ તૂટી ગયા હતા વીજ કર્મીઓ જીવ બચાવવામાં સફળ રહ્યા હતા વીજટીમ પર હુમલો થતા નાયબ ઈજનેર હરીશ ક્લાસવાએ વીજ ટીમ પર હુમલો કરનાર શખ્શો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ઈસરી પોલીસ સ્ટેશનમાં અરજી આપતા ઈસરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# બંધના નામે કાયદો હાથમાં લીધો તો કાર્યવાહી થશેઃ રૂપાણીની ચેતવણી

ગાંધીનગર,તા.૭

કૃષિ કાયદાને લઈને સરકાર અને ખેડુતો વચ્ચે ગતિરોધ યથાવત છે. આ દરમિયાન ખેડૂત નેતાઓએ ૮ ડિસેમ્બરે આખું ભારત બંધનું એલાન આપ્યું છે ત્યારે ગુજરાત કોંગ્રેસે પણ ખેડૂતોના સમર્થનમાં આખા ગુજરાતમાં કોંગી નેતાઓથી લઇ કાર્યકરોની અપીલ કરી છે કે, ગુજરાતમાં ખેડૂતોનું આંદોલન અંજામ સુધી પહોંચાડવાનું છે. દિલ્હીમાં ખેડૂત આંદોલનનો આજે ૧૨મો દિવસ છે. ખેડૂત સંગઠનોએ આવતીકાલે ભારત બંધનું એલાન પણ કર્યું છે. ત્યારે આ મુદ્દાઓ પર ગુજરાતનાં મુખ્યમંત્રી રૂપાણી નિવેદન આપ્યું હતું. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને કહ્યું હતું કે, ખરેખરમાં આ આંદોલનમાં ખેડૂતોનું માત્ર નામ છે બાકી રાજકીય રીતે સમગ્ર આંદોલન ચાલી રહ્યું છે. આવતીકાલે ગુજરાતમાં બધુ ચાલુ રહેશે, બંધના નામે કાયદો અને વ્યવસ્થા બગાડનાર સામે કાયદાકીય પગલા લેવામાં આવશે. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, આવતીકાલે ગુજરાત ચાલુ રહેશે, બંધમાં કાયદો તોડશે તો કાર્યવાહી થશે. આ દરમિયાન સીએમ રૂપાણીએ બંધને લઈ વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, ખેડૂતોના નામે કોંગ્રેસ સહિતના વિપક્ષોએ આંદોલન કરી રહ્યા છે. તેઓ પોતાનું અસ્તિત્વ દેખાડવા બંધમાં જોડાયા છે.




# રાજકોટ શહેરમાં પ્રેસ પ્રતિનિધિ સામે FIR : કોંગ્રેસ લાલઘુમ : અશોક ડાંગર, મહેશ રાજપૂત

આ અગાઉ જયારે ખાનગી ચેનલના ભાજપના વહેચાયેલા માલિક અર્નબ ગૌસ્વામી સામે મુંબઈ પોલીસે કાર્યવાહી કરી ત્યારે ભારત દેશના ગૃહપ્રધાન અમિતભાઈ શાહે એવું જણાવ્યું કે મહારાષ્ટ્ર સરકારે રાજ્ય સરકારની સત્તાનો દુરુપયોગ અને લોકશાહીના ચોથા સ્તંભ ઉપર હુમલો છે એ કટોકટીની યાદ અપાવે છે અને સ્વતંત્ર મીડિયા પર આ હુમલાનો વિરોધ થવો જોઈએ અને તેનો વિરોધ થશે તેવું કેન્દ્રમાં બેઠેલી ભાજપ સરકારના ગૃહમંત્રી અમિતભાઈ શાહે નિવેદન આપ્યું હતું. .. અમારો એ સવાલ છે કે આ તમારા વહેચાયેલા કે તમારા દલાલ ના હોવાથી આ દૈનિક પત્રકારો સામે ફરિયાદ દાખલ કરેલ છે ભાજપના નેતાઓ અને ચોથા સ્તંભને બચાવવાની વાતો કરનારાઓ ભાજપના નેતાઓ ક્યાં ગયા? તેમજ ભારત દેશમાં નાગરિકોને વાણી સ્વતંત્ર, લેખન સ્વતંત્ર, વાચા સ્વતંત્રતા દેશના બંધારણમાં આપવામાં આવેલ છે અને જયારે કોઈ પ્રેસ અથવા ભારતનો નાગરિક સચચાઈને બહાર લાવવા માટે સ્ટીંગ ઓપરેશન કરી સત્યને ઉજાગર કરતા હોઈ તેની સામે ભાજપની રૂપાણીની નપાણી સરકારે પ્રેસ ઉપર FIR કરી દોષનો ટોપલો ઢોળી દેવા અને ગુનેગારોને બચાવવા માટે પોલીસે FIR દાખલ કરી છે.

ભારત દેશના બંધારણ મુજબ કોઈપણ પોલીસ સ્ટેશનમાં આવવા જવા માટે કોઈની પરમીશનની જરૂર નથી તેમજ પોલીસ સ્ટેશન એ લોકોને સેવા, સહકાર, શાંતિ અને સુરક્ષા માટે બનાવવામાં આવ્યા હોઈ તેમાં કોઈ પણ ભારત દેશના નાગરિક કે ભારત દેશનો જે નાગરિક ન હોય તેને પણ આવવા જવા તેમજ માહિતી અંગે કોઈની મંજુરીની જરૂરિયાત નથી તેમજ ચોથી જાગીર કહેવાય તેવા પ્રેસ મીડિયાના પ્રતિનિધિને ક્યારેય કોઈની મંજુરીની જરૂરત હોય જ નહિ. જયારે દેશના પ્રેસ મીડિયા સામે જયારે FIR દાખલ થઈ છે ત્યારે ભાજપ સરકારના કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી તેમજ ભાજપની ગુજરાત સરકારના અને રાજકોટના મુખ્યમંત્રીશ્રીના રાજકોટમાં આ FIR થઇ તે અંગે શું કહેવા માંગો છો ? આ પ્રકરણની અંદર પોલીસ ગુનેહગાર છે કે પ્રેસ પ્રતિનિધિ ગુનેગાર છે તેની ગુજરાત ના પ્રથમ નાગરિક તરીકે તેમજ મુખ્યમંત્રી તરીકે સ્પષ્ટતા કરો ? આપની ભાજપની કેન્દ્રીય સાકાર અને અન્ય રાજયોના જ્યાં જ્યાં ભાજપની સરકારો છે ત્યાં સચ્ચાઈનો અને સત્યનો અવાજ દબાવવાની હમેશા પ્રયાસો કરી રહ્યા છે. આ ભાજપ સરકાર લોકશાહીનં હિટલરની માફક હત્યા કરી રહી છે !!! રાજકોટના જે પ્રેસ પ્રતીનીધીઓ સામે FIR દાખલ કરેલ છે જે તાત્કાલિક સરકારશ્રી દ્વારા પરત ખેંચવામાં આવે તેવી અમારી માંગણી છે તેવું રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી અશોકભાઈ ડાંગર અને પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશભાઈ રાજપૂતે જણાવ્યું છે. (અશોકભાઈ ડાંગર)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.